# ખેડબ્રહ્મા તાલુકાની નદીઓમાંથી મોટા પાયે રેતી ચોરીનું કારસ્તાન

ખેડબ્રહ્મા, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકા માં મોટા પાયે રેતી ચોરી નું કોભાંડ પોલીસ-ખાણખનિજ ખાતુ બને સાવધખેડબ્રહ્મા ન થાય વંથલી વાળી ? ખેડબ્રહ્મા તાલુકા થી પોશીના થી માંડીને બનાશ કાંઠા સરહદ સુધીમાં ખેતીમાફીયા-રેતીચોરોને છુટોદોર મળ્યો છે આવનારાઓ માટે પાટડીયા પંથાલ તુવેર વિખરણ માં વકરેલી સ્થિતિમાંથી બોધપાઠ લેશે કે કેમ?

હરણાવ સાબરમતી તેમજ કલ્લેકા નદી સહિતના વિસ્તારોમાં નદીઓમાંથી થઈ રહી છે બેફામ ચોરી : સાબરકાંઠા માં ખનન માફીયાઓએ કાયદાના રક્ષકો માટે સર્જી દીધો છે મોટો પડકાર ભુતકાળમાં પણ સીઝ કરેલા ડમ્પર સહિતના વાહનો પોલીસ મથકમાંથી ખનીજ માફીયાઓ નાં વાહનોસડી ગયાના બનાવ બની ચૂકયા છે તાજાભુતકાળમાં જ બનાવો : ખનીજચોરોને માફીયા ન બનાવો..નહી તો હવે ખનીજકચેરી અને પોલીસમથકમાં આવીને હુમલો કરતા વાર નહી કરે : જાણકરોનો ઈશારો ભુતકાળમાં રસ્તા પણ રોકીક લોકો એ વિરોધ કરેલ છે સોનાજેવી રેતીની લાખોની ચોરી અને ચાડા તેમજ આજુ બાજુની ગામો પાસે રેતીની ઓવરલોડ ટ્રકો ઝડપાતી વેળાએ સૂચક ઈશારો હવે પ્રજાજનો જાગે કારણકે પારકી આશા બની રહી છે નીરાશ : સરકારી તંત્ર ભ્રષ્ટ છે એટલે ખનીજ માફીયાઓનો સતત વધતો રહે છે ત્રાસ..!

સાબરકાંઠા પ્રાકૃતીક સૌંદર્ય ધરાવતા ખેડબ્રહ્મા તેમજ પોશીના તાલુકા ખનીજક્ષેત્રે પણ ખુબ જ સમૃદ્ધ રહેલો છે. અહી વીવિધ ખનીજોનો મોટો ખજાનો ધરબાયેલો જ છે ત્યારે આવ ખનીજો પર લખલુંટ કરનારા તત્વો પણ વકરી ચૂકયા છે. આ તત્વોફાટીને ફુલેકે એટલી હદે ચડયા છે કે તે તંત્રને પણ ધોઈને પી જઈ રહ્યા હોવાની ઘટનાઓ અગાઉ માં બની ચૂકી છે.

વર્તમાન સમયે ખેડબ્રહ્મા ગામે આવા જ રેતી-ખનન માફીયાઓનો સામેનો વિરોધ રસ્તાઓ પર આવવા પામી ગયો છે. અહીના સ્થાનિક લોકો તથા આજુબાજુ ગામડા નાં લોકો પણ વીરોધને ટેકો આપી રહ્યા છે ઉપરાંત પણ અહી વિરોધ સમતો નથી. લોકોની માંગ છે કે સાબરમતી નદી માંથી માથાભારે તત્વો દ્વારા ધુમ રેતીચોરી કરાઈ રહી છે તેઓને અટકાવવામાં આવે. વિરોધ એટલો ઉગ્ર બની ગયો છે કે, અહી પોલીસને ખનન માફીયાઓને પકડવા માં રસ નથી કે શુ

પોલીસને માટે આજે પડકાર ઉભો થયેલો જોવાય છે ત્યારે સવાલ એ થાય છે કે, આવી નદીઓમાથી બેફામ રેતીચોરીઓ થઈ રહી છે તે અંગે શું સ્થાનિક પોલીસ અજાણ જ હોય છે? અથવા તો રેચીતોરીની ઘટનાને અંજામ આપવુ તે કોઈ એકાદ-કલાકનું માત્ર કામ છે કે શું? રેતીચોરીને અંજામ આપવાને માટે મોટો માનવશ્રમ અને વાહનોનો પણ ધમધમાટ લાગતો હોય છે? આવા લાવલશ્કર સાથે ચાલતા ગેરકાયદે ખનનની બાબતે સ્થાનિક પોલીસ અજાણ હોય તે વાત માની શકાય નહી. કયાંક ને કયાક ખાણ ખનીજ વિભાગના



જવાબદારો અને પોલીસના અમુક પલળેલા તત્વોની મીલીભગતથી જ આવા ધંધાઓ ધમધમતા હોય છે અને પછી આવા શખ્સો એટલા બેકાબુ બની જાય છે કે આવા તંત્રોને પણ ગાંઠતા હોતા નથી.સાબરકાંઠાં જ રેતી સહીતના ખનીજચોરી ફરીયાદો સત્તાવાર રીતે નોધાઈ ચુકી છે અને આવી ફરીયાદે ખનીજવિભાગના જવાબદારોને જ નોંધાવવાની ફરજ પડી ચૂકી છે.

શું આ બાબતે સ્થાનિક મામલતદાર અજાણ્યા હસે કે પછી આ ગાડી માં પણ ખનીજ સંપદા અને તેના પર આડેધડ ખનન તો ઠેર ઠેર થઈ જ રહ્યા છે પરંતુ રેતીચોરીની જયા સુધી વાત છે તો અહી રસ નહી. હોય ખેડબ્રહ્મા પોશીના - સહિતના વિસ્તારોમાં રેતીચોરી બેફામ થઈ રહી છે. હાલમાં જયારે પાટડીયાં પંથાલ કલ્લેકા માં રેતીચોરો સામે લોકોએ બાંયો ચડાવી છે ત્યારે ખાણ ખનીજ વિભાગ અને પોલીસના ભ્રષ્ટ તત્વોબોધપાઠ લેવાની જરૂર છે નહી તો અહી લોકો ને પણ રોડ પર આવતા વાર નહી લાગે તેમ જાણકારો દ્વારા લાલબત્તી ધરવામાં આવી રહી.



**વડગામ બ્લોક હેલ્થ કચેરીમાં એચ.આઇ.વી ગ્રસ્ત બાળકોને ચોપડા વિતરણ કરાયા**

વડગામ માં આવેલી બ્લોક હેલ્થ કચેરી ખાતે બનાસ એન.પી સંસ્થા અને એ.આર.ટી. અને દાતાઓના સહયોગ થી એચ.આઈ.વી પોઝિટિવ બાળકોને ને ચોપડા વિતરણ કરવામાં આવ્યો હતો. જેમાં વડગામ ટીડીઓ એ.એચ.પરમાર,દ્વારા ૫૧ સાલો તેમજ ૪૦૦ ચોપડા આપવા માં આવ્યા હતા વડગામ સરપંચ ભગવાનસિંહ સોલંકી, દ્વારા ૩૫ દફતર અપાયા હતા જેઠાભાઈ વળાગાંઠ,૫૦ કંપાસ બોક્સ ડોક્ટર અનિલભાઈ ડાભી,,૫૦ પાણીની બોટલ અને લંચ બોક્સ સહીત જરૂરિયાત વસ્તુઓ દાતાઓ એ એચ.આઈ.વી પોઝિટિવ બાળકોને વિતરણ કરવામાં આવી હતી.આ કાર્યક્રમ માં વડગામ મામલતદાર આર.સી.ઠાકોર હાજર રહ્યા હતા. સમગ્ર યક્રમનું સફળ સંચાલન બનાસ એન.પી સંસ્થા પ્રમુખ નરેશભાઈ,કનુભાઈ અને અરુણા બેન નાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

# દિલ હૈ છોટા સા... છોટી સી આશા... ખેડૂત પુત્રીનું સાહિત્ય ક્ષેત્રે અદ્ભૂત ખેડાણ

## ૨૫૦ ગઝલો સાથે પ્રાર્થના, નિબંધ, કાવ્ય અને લેખોની પણ ભરમાર
## આર્થિક વિટંબણા વચ્ચે વિશાળ સાહિત્ય ફલકમાં ઉડવાના અરમાન

ડીસા, તા. ૨૮

'ઢાઈ અક્ષર પ્રેમ કા પઢે સો પંડિત હોઈ' આ કબીર વાણી મુજબ બનાસકાંઠા જિલ્લાના ડીસાની એક ખેડૂત પુત્રીએ પારિવારીક બેક ગ્રાઉન્ડ કે કોઈ ગોડ ફાધરની સહાય વિના માત્ર આત્મસ્ફૂરણાથી સાહિત્ય ક્ષેત્રે અદ્ભુત ખેડાણ કરી પ્રેમની પરીભાષા સાચા અર્થમાં સાર્થક કરી બતાવી છે.જેની સ્વરચિત ગઝલો તેના જ સ્વમુખે સાંભળી 'રાંકના આ રતન' ઉપર ઓવારી જવાય છે.

આજના 'ફાસ્ટ યુગ' માં મોબાઈલના ટચુકડે



પડદે માહિતીનો ધોધ વરસી રહ્યો છે તેથી લોકોનો સાહિત્ય પ્રત્યે લગાવ છેક તળીયે પહોંચી ગયો છે. તેમ છતાં અનેક સરસ્વતીના સાધક વીરલા અને વિરાંગનાઓ સાહિત્યની ઝળહળતી જયોતને અખંડ રાખી અજવાળી પણ રહ્યાં છે ત્યારે આજે વાત કરવી છે એક એવી સરસ્વતી સાધિકાની કે જેણે વિષમ પરિસ્થિતિ વચ્ચે આજના ટીવી અને મોબાઈલ યુગમાં વગોવાઈ ગયેલા 'પ્રેમ'ની શબ્દ સાધના કરી આદિ-અનાદિ કાળથી ગવાતા પ્રેમના મહીમાને અકબંધ જાળવી રાખવાનો યૌવન વયે નિષ્ઠાભર્યા પ્રયાસ હાથ ધર્યો છે. ડીસામાં રહેતા અને ખેતી તથા સેન્ટીંગનું મજુરી કામ કરી પરિવારનું ભરણપોષણ કરતા ભીખાભાઈ ધરમાભાઈ ધરમાણી (દલિત) ના પાંચ સંતાન પૈકી ત્રીજા નંબરની માયાબેનને ભણવાનો શોખ હતો. તેથી આર્થિક ભીંસ વચ્ચે પણ તેમણે તેણીને કોલેજ સુધીનું શિક્ષણ અપાવ્યું હતું. કોલેજમાં પ્રો.સંકેત પારેખ કાવ્યમય શૈલીથી ભણાવતા હતા જેનાથી તે અંજાઈને અભિભૂત થઈ ઉઠી હતી. ત્યારથી તેના મનમાં પણ સાહિત્યના બીજ રોપાયા અને તેણે પુસ્તકો વાંચવાનું શરૂ કર્યું. તેમાં પણ મશહુર ગઝલકાર અબ્દુલ અબ્બાસ 'મરીઝ' ની ગઝલોથી તે પ્રભાવિત થઈ અને તેણે ગઝલ એટલે કે કાવ્ય લેખનમાં હાથ અજમાવ્યો હતો તેની આ ગઝલો 'રખેવાળ' માં પ્રસિદ્ધ થવા લાગી. તેનાથી તે પ્રોત્સાહિત થઈ અને ગઝલના બે ભાગ પૈકી 'ઈશ્કે મિજાજ' ઉપર ખેડાણ કરી જાતજાતામાં એક એકથી ચડીયાતી ૨૫૦ ગઝલનો અણમોલ ખજાનો ઉભો કરી દીધો. ગઝલોની સાથે સાથે તેણીએ કાવ્યો, ગીતો, નિબંધ, શાયરીઓ, વાર્તાઓ અને લેખોની પણ ભરમાર ખડી કરી દીધી છે. પરિવારની આર્થિક ભીંસના કારણે એમ.એ. બી.એડ. કર્યા બાદ ખાનગી શાળાઓમાં શિક્ષિકા તરીકેની નોકરી સ્વીકારી પણ મુળ સાહિત્યનો જીવ એટલે લખવાનું નિરંતર ચાલુ રાખ્યું તેની એક ગઝલ ટુંકમાં માણીએ.

દિલમાં કોઈની યાદના પગલાં રહી ગયા
ઝાકળ તો ઉડી ગયું પણ ડાઘ રહી ગયા

આવી એક એકથી ચડીયાતી ગઝલો તેણે લખી છે પણ તેની પ્રતિભાને કોઈ પારખતું ન હતું જેના રંજ વચ્ચે ૨૦૧૫ માં રાજય સરકારે યુવા પ્રતિભાઓને પારખવા માટે 'યુવા મહોત્સવ' નું આયોજન કર્યું. તેમાં તેણે ઉત્સાહભેર ગઝલ લેખન સ્પર્ધામાં ભાગ લીધો. જેમાં સૌના આશ્ચર્ય વચ્ચે પ્રથમ નંબર મેળવ્યો. બાદમાં કચ્છ ખાતે આયોજીત રાજય કક્ષાની ગઝલ લેખન સ્પર્ધામાં પણ મોખરે રહી પ્રમાણપત્ર અને શિલ્ડ મેળવ્યો. તેથી તેની પસંદગી રાષ્ટ્રકક્ષાએ મુંબઈ ખાતે આયોજીત સ્પર્ધામાં થઈ પરંતુ ઘરની આર્થિક પરીસ્થિતિના કારણે મુંબઈ ન જઈ શકતા રાષ્ટ્રીય ચેમ્પિયન બનવાનું તેનું સ્વપ્ન રોળાયું. તેમ છતાં 'યાદમાં' નામની પ્રથમ ગઝલથી આરંભાયેલી તેની લેખન યાત્રા આજે ૨૫ વર્ષની વયે પણ અવિરતપણે ચાલુ છે. હાલમાં સ્કાય ઈન્ટરનેશનલ સ્કૂલમાં ફરજ બજાવતી માયાબેને લખેલી પ્રાર્થનાઓથી પ્રભાવિત થઈ ઉઠેલા સંચાલક ડા. સુનીલ આચાર્ય અને પ્રિન્સીપાલ ભરત માળીએ તેની પ્રાર્થના આખી સ્કૂલમાં ગવરાવવાની માન્યતા આપી તેની પ્રતિભાની કદર કરી છે. તમો પણ મો. નં. ૯૭૨૨૧૬૦૫૮૦ ઉપર આશાસ્પદ અને ઉભરતી પ્રતિભાને બિરદાવી શકો છો.

લાગણીઓથી ઉભરાતી માયાબેનનું એમ.ફીલ અને પી.એચ.ડી. થવા સાથે પોતાના સાહિત્યને પ્રકાશન કરવાનું સ્વપ્ન છે એમ.ફીલની પ્રવેશ પરીક્ષા અને ટાટની પરીક્ષા પાસ કરી છે પણ પરિવારની આર્થિક સંકડામણ અવરોધરૂપ છે પણ હૈયે હામ રાખી તેણીએ લખ્યું:

સાથે છે....

જે લખું છું તે મારી કલાની સાથે છે
વિચારો તો નથી પણ એ કલ્પનાની સાથે છે
જયારે ઠોકર વાગતાં કોઈ યાદ આવે છે
ત્યારે લાગે છે કોઈ મારી દુઆની સાથે છે
જેને શોધું છું હું હંમેશ માટે મારા દિલમાં
એ ન મળતાં થાય કે જાણે ખુદાની સાથે છે
મારા ચાંદને શોધું છું ઘેરાયેલા વાદળોમાં
અફસોસ નથી કેમ કે તે તારલાઓની સાથે છે
મારી કલ્પનાને વિચારોની શું
આભાર - નિહારીકા રવિયા વાત કરૂં
એકલી પડું તોલાગે મારો આત્મા બધાની સાથે છે
માયા લખેલી ચિઠી જા ઉડી જાય તો
ગમ નથી કેમ કે એ હવાની સાથે છે

# તલોદ નગરપાલિકામાં ભડકો

## પ્રમુખ-ઉપપ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત : ભાજપ-કોંગ્રેસના નારાજ સભ્યોએ ચીફ ઓફિસરને લેખિતમાં જાણ કરી

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લામાં કોંગ્રેસ પ્રેરિત તલોદ નગરપાલિકાની શુક્રવારે મળેલી સામાન્ય સભામાં ભાજપના અગિયાર અને કોંગ્રેસના પાંચ મળી ૧૬ સભ્યોએ પાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની કાર્યપદ્ધતિથી નારાજ થઈને અવિશ્વાસની દરખાસ્ત લાવી નગરપાલિકાના ચીફ ઓફીસર સમક્ષ રજુ કરતા તલોદ નગરપાલિકામાં કોંગ્રેસની સત્તા હાલના તબક્કે હાલકડોલક બનતા ભડકો થયો છે.

આ અંગે તલોદ નગરપાલિકાના વોર્ડ નં. ૩ માંથી ચુંટાયેલા સભ્ય દિપસિંહ જાલમસિંહ ઝાલાની સહીથી રજુ કરાયેલી અવિશ્વાસની દરખાસ્તમાં ભાજપના ૧૧ અને કોંગ્રેસના ૫ ચુંટાયેલા સભ્યોએ એકીસાથે પોતાની સહીઓ કરીને પ્રમુખ નરેન્દ્રસિંહ ગાભુસિંહ સોલંકી અને ઉપપ્રમુખ તેજુસિંહ મોહનસિંહ ઝાલાની કાર્યપદ્ધતિથી નારાજ થઈને અવિશ્વાસની દરખાસ્તમાં એવો આક્ષેપ કર્યો છે કે પ્રમુખ અને ઉપપ્રમુખ નગરપાલિકાના સભ્યોને વિશ્વાસમાં લીધા વિના મનસ્વી વહીવટ કરીને એક તરફી નિર્ણયો કરે છે.

નગરપાલિકાના સભ્યોનું કહેવું છે કે પ્રમુખ અને ઉપપ્રમુખના વહીવટને કારણે છેલ્લા કેટલાક સમયથી નગરપાલિકાની હદના વિસ્તારોમાં વિકાસ કામો થયા નથી. જેના કારણે મતદારો વોર્ડના સભ્યો સમક્ષ બળાપો કાઢતા હોવાનું સભ્યોનું કહેવુ છે. ઉલ્લેખનીય છે કે અત્યારે સાબરકાંઠા જિલ્લા

**અવિશ્વાસની દરખાસ્ત રજુ કરનાર સભ્યોની યાદી**

બાબુભાઈ ગોપાલભાઈ પટેલ
કૈલાશબેન બહેચરસિંહ મકવાણા
દક્ષાબેન પ્રકાશસિંહ ઝાલા
નિરૂબેન પ્રકાશભાઈ બારોટ
બાલુસિંહ વજેસિંહ સોલંકી
મહેશકુમાર અમરાભાઈ ચાવડા
અશોકકુમાર વાડીલાલ શાહ
કમળાબા નાથુસિંહ રાઠોડ
જશોદાબા દિપકસિંહ ઝાલા
અનિલકુમાર છગનલાલ ચાંડક
કલ્પનાબેન અતુલકુમાર શાહ
બાબુભાઈ લાલજીભાઈ પટેલ
રંજનબેન દામોદર પટેલ
ઋતુલકુમાર પ્રવિણભાઈ પટેલ
દિપાબેન સંજયકુમાર કુવાડીયા
પુષ્પાબેન કિશોરસિંહ રાઠોડ

પંચાયતમાં કોંગ્રેસ સત્તા પર હોવા છતાં ત્યાં પણ કેટલાક સભ્યો અલગ ચોકો કરીને કામો ન થતા હોવાના રોદણા રોતા હોવાનું ભુતકાળમાં બહાર આવ્યું છે. હવે જ્યારે તલોદ નગરપાલિકામાં સત્તા મેળવવા માટે ભાજપ તલપાપડ બની હોય તેમ દેખાઈ રહ્યુ છે ત્યારે જો કોંગ્રેસ જાગૃત રહીને વિકાસ કામોને અગ્રીમતા નહી આપે તો આગામી દિવસોમાં તલોદ નગરપાલિકામાં કોંગ્રેસ માટે કપરા ચઢાણ ચઢવા પડે તો નવાઈ પામવા જેવુ નથી.

તલોદ પાલિકાના વિસ્તારોમાં આજે પણ અનેક મતદારો અને રહીશો વિકાસ કામો અંગે છાપરે ચઢીને રજુઆતો કરતા હોવા છતાં તેમાં ધાર્યુ પરિણામ આવ્યું ન હોવાનું લોકોનું કહેવુ છે. દરમ્યાન પાલિકાના ચીફ ઓફીસર દિપસિંહે ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે શુક્રવારે મળેલી સામાન્ય સભામાં ભાજપના ૧૧ અને કોંગ્રેસના ૫ સભ્યોએ પ્રમુખ અને ઉપપ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત રજુ કરી છે. જેથી તે અંગે ગાંધીનગર ખાતે આવેલ ઉચ્ચ અધિકારીઓ પાસેથી માર્ગદર્શન લેવામાં આવશે. ત્યારબાદ કાયદાની રૂએ જે કાર્યવાહી કરવાની થશે તે સમય આવે કરાશે.

ઉલ્લેખનીય છે કે પાલિકાની સામાન્ય સભામાં શુક્રવારે વોર્ડ નં. ૧ ના કૈલાશબેન મકવાણા અને વોર્ડ નં. ૩ ના દક્ષાબેન પરમાર હાજર ન હોવા છતાં આ બંને સભ્યોએ અવિશ્વાસની દરખાસ્તમાં સંમતી આપીને સહી કરી હોવાનું આધારભુત સુત્રોમાંથી જણાવાયું છે.

# મોડાસાની તત્ત્વ એન્જી. કોલેજમાં એસ.ઓ.જી પોલીસે વિદ્યાર્થીઓ સાથે "એન્ટી ડ્રગ ડે"ની ઉજવણી કરી

મોડાસા, તા. ૨૮

સમગ્ર વિશ્વમાં યુવાધન





નશાના ખપ્પરમાં હોમાઈ રહ્યું છે દેશનું યુવાધન પણ ધીરે ધીરે આધુનિકતાના નામે ડ્રગના નશામાં ધકેલાઈ બરબાદીના પંથે ધકેલાતા યુવાધનને બચાવવા ૨૬મી જૂન ને વિશ્વમાં "એન્ટી ડ્રગ ડે" ની ઉજવણી કરવામાં આવે છે જેના અનુસંધાને અરવલ્લી જીલ્લા એસ.ઓ.જી પોલીસ પીએસઆઈ જાડેજા અને તેમની ટીમે મોડાસા શહેરની જાણીતી તત્વ એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ સાથે મળી "એન્ટી ડ્રગ ડે" ની ઉજવણી કરવામાં હતી.

શુક્રવારે અરવલ્લી જિલ્લા સ્પેશિયલ ઑપરેશન ગૃપ દ્વારા મોડાસાની તત્વ એન્જિનિયરિંગ કૉલેજ ખાતે ડ્રગ્સ એટલે કે, માદક દ્રવ્યોના સેવનથી દૂર રાખવા સેમિનાર યોજાયો હતો. જેમાં એસ.ઓ.જીના પીએસઆઈ પી. આર. જાડેજા સહિતની તેમની ટીમ દ્વારા ડિપ્લોમા તેમજ ડિગ્રી એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને

માદક પદાર્થોનું સેવન ન કરવા અંગે સૂચનો અને અને તેના સેવનથી થતા નુકસાન અંગેની જાણકારી આપવામાં આવી હતી. યુવાનોએ આ પ્રકારના નશાના સેવનનો ભોગ ન બને અને તેનાથી દૂર રહે તે માટે વિશેષ માર્ગદર્શનઆપવામાં આવ્યું હતું.અને એન.ડી.પી.એસ એક્ટના કાયદા અંગે વિદ્યાર્થીઓને પ્રાથમિક માહિતી આપવામાં આવી હતી.

# વિજયનગર તાલુકાની આશ્રમશાળા ચિત્રોડીમાં નોટબુક વિતરણ કાર્યક્રમ યોજાયો

ભિલોડા, તા. ૨૮

આશ્રમશાળાના આચાર્ય શ્રી. વિજય પટેલે જણાવ્યું હતું કે વનવાસી હિત વર્ધક મંડળ ઈટાવડી સંચાલિત આશ્રમશાળા ચિત્રોડી માં દરવર્ષ ની જેમ આ વર્ષે પણ શાળા





પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ નો ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. હરિચંદ્ર આશ્રમશાળાના આચાર્ય ભરતભાઈ ભાટિયાના સહયોગથી નોટબુક, પેન્સિલ, રબર, આપવામાં આવ્યા હતા.

આશ્રમશાળા તરફથી તેલ, સાબુ,ડોલ, સ્કૂલબેગ,જેવી અનેક જીવન જરૂરિયાત ચીજ વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સાબરકાંઠા પ્રાથમિક શિક્ષક સંઘના સહમંત્રી એ.વી.સિસોદિયા હાજરી આપી બાળકો નું દિલ જીતી લીધું હતું.વર્ગ નિરીક્ષણ કરી શૈક્ષણિક માહિતી માહિતી આપી બાળકો ને આગળ વધવા આશિર્વાદ પણ આપ્યા હતા.વિજયનગર તાલુકા પ્રાથમિક શિક્ષણા અધિકારી બી.એન.ઢાઢી સાહેબ પણ શુભેચ્છાઓ પાઠવી હતી.

# અરવલ્લી જિલ્લા ન્યાયાધીશને કોન્ટ્રાકટ પદ્ધતિ હેઠળ કામ કરતા સફાઈ કામદારોને લઘુત્તમ વેતન આપવા રજુઆત

મોડાસા, તા. ૨૮

સમગ્ર ગુજરાત રાજ્યમાં



સફાઈ કામદારોના હક્ક માટે લડત લડતા ગુજરાત વાલ્મિકી સંગઠન દ્વારા અરવલ્લી જિલ્લામાં આવેલી કોર્ટ માં કોન્ટ્રાકટ પધ્ધતિ હેઠળ ખાનગી એજન્સી મારફતે ફરજ બજાવતા સફાઈ કામદારોને લઘુત્તમ વેતન અને એ.પી.એફ નો લાભ આપવામાં આવેની માંગ સાથે જીલ્લા ન્યાયધીશને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી.

ગુજરાત વાલ્મિકી સંગઠનના પ્રમુખ લાલજી ભગતના જણાવ્યા અનુસાર, જિલ્લામાં સફાઈનો કોન્ટ્રાકટની કામગીરી સંભળાતી એસાર દ્વારા વર્ષોથી જિલ્લાભરની કોર્ટમાં ફરજ બજાવતા સફાઈ કામદારોને મહિને ફક્ત ૪૫૦૦/- થી ૫૦૦૦/- રૂપિયા પગાર ચુકવવામાં આવે છે કારમી મોંઘવારીમાં સફાઈ કામદારોને જીવનનિર્વાહ ચલાવવા રીતસરના ફાંફા પડી રહ્યા છે ખાનગી કોન્ટ્રાકટ ધરાવતી એસાર એજન્સી સરકારના ધારાધોરણ મુજબ પગાર આપવાના બદલે શોષણ થઈ રહ્યું છે સફાઈ કામદારો પગાર વધારવાની માંગ કરેતો છુટા કરી દેવાની ધમકી આપવામાં આવતા સફાઈ કામદારો બેરોજગાર ન બને તે માટે મજબૂરી વશ નોકરી કરવા મજબુર બનતા સફાઈ કામદારોને લઘુત્તમ વેતન અને એ.પી.એફ નો લાભ આપવામાં આવેની માંગ સાથે જીલ્લા ન્યાયધીશને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરવામાં આવી હોવાનું જણાવ્યું હત.

# ડીસામાં ધામધૂમથી ઊર્સની ઉજવણી

ડીસા, તા.૨૮

ડીસા માં હઝરત સૈયા બાવા નો ૫૪ મો તથા હઝરત ભાઈજાન બાવા નો ૧૭ મો ઉર્સ મુબારક ની ધામ ધૂમ થી ઉજવણિ કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં ગુજરાત રાજસ્થાન તથા મહારાષ્ટ્ર તથા યુ પી માં થી મુરીદો તથા મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.





ગુરુવારના ઝોહરની નમાઝ બાદ ખાન કાહ થી ચાદર શરીફ લઈને હઝરત સૈયદ મોહમદ અલી બાવા તથા હઝરત સૈયદ હસનઅલી બાવા તથા હઝરત સૈયદ રિફાઈ અલીની આગેવાની હેઠળ નીકળ્યું હતું જયારે અસરની નમાજ બાદ ખાન કાહથી ચાદર શરીફ લાઈ ને હઝરત ભાઈ જાન બાવા ની મજાર શરીફ ચાદર શરીફ ચડાવી હતી જેમાં મોટી સંખ્યામાં મુરીદો ઉપસ્થિત રહ્યા હતા જયારે ઈશાની નમાજ બાદ હઝરત ભાઈ જાન બાવાના કમ્પાઉન્ડમાં તકરીરનો ભવ્ય પ્રોગ્રામ કરવામાં આવ્યો હતો જેમાં હઝરત અબ્દુલ લતીફ બરઝંઝી તથા હઝરત સૈયદ આલમગીર અશરફ તથા હઝરત સફી ઉલ હસન સહિતના ઉપસ્થિત મહેમાનો એ તકરીર કરી લોકો ને સીરાતે મુસ્તકિંમ પર ચાલવા અનુરોધ કર્યો હતો આ પ્રસંગે નાત શરીફનો પ્રોગ્રામ કરવામાં આવ્યો હતો જયારે શુક્ર વાર સવારે સૈયા બાવા ની મઝાર શરીફ પર કુરાન ખ્વાની તથા નિયાઝ શરીફ કરી ઉર્સ ની પૂર્ણહિતી કરવામાં આવી હતી.